# ભારતીય જનતા પાર્ટી

ભારતીય જનતા પાર્ટી કાર્યાલય, 'પંડિત દીનદયાળ ભવન', સત્યનગરની સામે,
ઉધના–નવસારી મેઈન રોડ, ઉધના, સુરત–૩૯૪૨૧૦.

પ્રતિ, તા. ૪/૨/૧૭

................................,

સુરત.

આપશ્રી ના સુપ્રસિધ્ધ દૈનીક પત્ર/ચેનલમાં નીચે મુજબનું અખબારી નિવેદન પ્રસિધ્ધ કરશોજી.

લી.

(વિનોદ જૈન)

- **પ્રદેશ અધ્યક્ષશ્રી જીતુભાઈ વાઘાણીના નેતૃત્વમાં આગામી ૭મી ફેબ્રુઆરીથી ''આદિવાસી વિકાસ ગૌરવ યાત્રા''નો ઉનાઈથી પ્રારંભ થશે : પ્રદેશ મહામંત્રી અને યાત્રા ઈન્ચાર્જ શ્રી ભરતસિંહજી પરમાર.**
- **મા. મુખ્યમંત્રીશ્રી વિજયભાઈ રૂપાણી યાત્રાને પ્રસ્થાન કરાવશે.**
- **અંબાજી ખાતેના સમાપન કાર્યક્રમમાં રાષ્ટ્રીય અધ્યક્ષશ્રી અમિતભાઈ શાહ ખાસ હાજર રહી ઉત્તર ગુજરાતના બૂથના કાર્યકર્તાઓને સંબોધન કરશે.**
- **ભાજપના શાસનમાં આદિવાસી સમાજનો વિકાસ થયો છે : મંત્રીશ્રી ગણપતભાઈ વસાવા**
- **પાર્ટીના વિચારોને જનતા સુધી લઈ જવા માટે ભાજપા સમયાંતરે યાત્રાનું આયોજન કરે છે : પ્રદેશ પ્રવકતાશ્રી ભરતભાઈ પંડયા**
- **આગામી યોજાનાર ૫૮૩ તાલુકા/મંડલ કારોબારીમાં કેન્દ્ર સરકારના બજેટને આવકારવા અભિનંદન પ્રસ્તાવ રજૂ કરશે : પ્રદેશ પ્રવકતાશ્રી ભરતભાઈ પંડયા.**

ભારતીય જનતા પાર્ટી, સુરત મહાનગર પ્રમુખશ્રી નીતિનભાઈ ભજીયાવાલા તથા મહામંત્રીશ્રીઓ શ્રી મદનસિંહ અટોદરીયા, ડો. જગદીશભાઈ પટેલ અને શ્રી કિશોરભાઈ બિંદલ એક અખબારી નિવેદનમાં જણાવે છે કે,

ભારતીય જનતા પાર્ટીની સંવેદનશીલ સરકારે સાચા અર્થમાં સંવેદના સાથે આદિવાસી સમાજની ચિંતા કરી છે. ભાજપા સરકાર ધ્વારા આદિવાસી સમાજ માટે કરવામાં આવેલા કાર્યોને સમાજ સુધી લઈ જવા માટે અને હમણાંજ જાહેર થયેલા ''પેસા એકટ''ની માહિતી આદિવાસી સમાજ સુધી પહોંચાડવા માટે ઉનાઈ થી અંબાજી સુધી ''આદિવાસી વિકાસ ગૌરવ યાત્રા''નું આયોજન કરવામાં આવ્યું છે. માન. પ્રદેશ પ્રમુખશ્રી જીતુભાઈ વાઘાણીના નેતૃત્વમાં આગામી ૭મી ફેબ્રુઆરીના રોજ પવિત્ર યાત્રાધામ ઉનાઈ ખાતેથી આ યાત્રા પ્રારંભ થશે. ૧૨ દિવસ સુધી ચાલનારી આ યાત્રાને લોકલાડીલા મુખ્યમંત્રીશ્રી વિજયભાઈ રૂપાણી ઉનાઈથી પ્રસ્થાન કરાવશે.

''આદિવાસી વિકાસ ગૌરવ યાત્રા'' અંગે આજરોજ યોજાયેલી પત્રકાર પરિષદમાં માહિતી આપતા યાત્રાના ઈન્ચાર્જ અને પ્રદેશ મહામંત્રીશ્રી ભરતસિંહજી પરમારે જણાવ્યું કે ''એકાત્મ માનવવાદ'' અને ''વસુદેવ કુટુંબકમ''નો વિચાર જેમણે સમગ્ર દેશ અને દુનિયાને આપ્યો છે. એવા ભાજપના આદ્ય સ્થાપકમાંના એક એવા પરમ પૂજય પંડિત

દિનદયાળજી ઉપાધ્યાયના જન્મના ૧૦૦ વર્ષ પૂર્ણ થઈ રહયા છે. એ નિમિતે જ ભારતીય જનતા પાર્ટીએ આ વર્ષને ગરીબ કલ્યાણ વર્ષ તરીકે ઉજવવાનું નકકી કર્યુ છે. જે અંતર્ગત ''આદિવાસી વિકાસ ગૌરવ યાત્રા''નું આયોજન કરવામાં આવ્યું છે. પ્રદેશ પ્રમુખશ્રી જીતુભાઈ વાઘાણીના નેતૃત્વમાં આગામી ૭મી ફેબ્રુઆરીથી આદિવાસી વિકાસ ગૌરવ યાત્રાનો ઉનાઈથી પ્રારંભ થશે. રાજયના મુખ્યમંત્રી શ્રી વિજયભાઈ રૂપાણી આ યાત્રાને પ્રસ્થાન કરાવશે. ઉનાઈથી વલસાડ, નવસારી, ડાંગ, તાપી, ભરૂચ, નર્મદા, દાહોદ સહીત અંબાજી સુધીના આદિવાસી વિસ્તારમાં યાત્રા જશે. આ યાત્રા દરમિયાન ૨૭ વિધાનસભાને આવરી લેવામાં આવશે. આશરે ૫૪ કરતા વધુ સ્થળોએ યાત્રાનું ભવ્ય સ્વાગત કરવામાં આવશે. તમામે તમામ વિધાનસભામાં એક મોટી સભાનું આયોજન કરવામાં આવ્યું છે. ઉનાઈથી અંબાજી સુધીના યાત્રાના રૂટ દરમિયાન જુદા–જુદા ૫૦૦ કરતાં વધુ સ્થળોએ યાત્રાનું ભવ્ય સ્વાગત–સન્માન કરવામાં આવશે. પ્રદેશ પ્રમુખશ્રી જીતુભાઈ વાઘાણી યાત્રાની સાથે જ રહેશે તથા આદિવાસી ભાઈઓની સાથે જ ભોજન લેશે જે સહભોજની જગ્યાએ સહજભોજ બની રહેશે. અંબાજી ખાતેના સમાપન કાર્યક્રમમાં રાષ્ટ્રીય અધ્યક્ષશ્રી અમિતભાઈ શાહ ખાસ હાજર રહી ઉત્તર ગુજરાતના બૂથના કાર્યકર્તાઓને સંબોધન કરશે. યાત્રા દરમિયાન ૧૧મી તારીખે કેન્દ્રીયમંત્રીશ્રી રૂપાલાજી કવાટ ખાતે હાજર રહી આદિવાસી વિકાસ ગૌરવ યાત્રાને સંબોધન કરશે. આ ઉપરાંત રાજસ્થાન, ગુજરાત અને મહારાષ્ટ્રના અન્ય મહાનુભાવો પણ વખતોવખત યાત્રામાં હાજર રહેશે.

વન અને પર્યાવરણ મંત્રીશ્રી ગણપતભાઈ વસાવાએ આદિવાસીઓના વિકાસ માટે સરકારે કરેલી કામગીરીની વિગતો આપતા જણાવ્યું કે ગુજરાતમાં આદિવાસી સમાજની ૧૫% વસ્તી છે. પરંતુ ભુતકાળની સરકારોએ આ સમાજના વિકાસની કયારેય ચિંતા કરી નથી. માત્ર વોટબેંક તરીકે જ ઉપયોગ કર્યો છે. એટલે જ આ સમાજ મુખ્યધારાથી અલિપ્ત રહેવા પામ્યો હતો. કોંગ્રેસ સરકારના શાસનમાં આદિવાસી સમાજ માટે ૪૦ વર્ષમાં ફકત ૯૦૦૦ કરોડની ફાળવણી કરાઈ હતી. જયારે ગુજરાતના તત્કાલિન મુખ્યમંત્રીશ્રી નરેન્દ્રભાઈ મોદીએ આદિવાસી સમાજના વિકાસ માટે ૫ વર્ષમાં ૧૫,૦૦૦ કરોડની ફાળવણી કરી હતી અને ૧૭,૦૦૦ કરોડ કરતા વધુનો ખર્ચ કર્યો હતો. પંચવર્ષીય યોજનામાં ૪૦,૦૦૦ કરોડના બજેટની ફાળવણી કરી હતી. જેના કારણે આદિવાસી વિસ્તારમાં એકલવ્ય શાળાઓ શરૂ થઈ શકી હતી. જેમાં ૨૫,૦૦૦ કરતાં વધુ તેજસ્વી બાળકો અભ્યાસ કરી રહયા છે. આદિવાસી બાળકોમાં ૨૦૦૧ સુધીમાં શિક્ષણનું પ્રમાણ માંડ ૪૭% હતું. જે આજે ૬૨% પર પહોંચ્યું છે. આગાઉ ડ્રોપ આઉટ રેસીયો ૩૭% હતું જે આજે ઘટીને ૨% થઈ ગયું છે. આદિવાસી વિસ્તારમાં એક માત્ર ગોવિંદસિંહ યુનિ.ની સ્થાપના ભાજપ સરકારને આભારી છે.

આદિવાસીઓના સર્વાંગી વિકાસ માટે શિક્ષણ, સિંચાઈ, આવાસ, પીવાના શુધ્ધ પાણીની વ્યવસ્થા, રોજગારી, આરોગ્ય, રોડ રસ્તા, પશુપાલન, ડેરી, વીજકરણ, કૃષિક્ષેત્રે ભાજપ સરકારે કરેલી કામગીરીની સવિસ્તાર માહિતી મંત્રીશ્રી ગણપતભાઈ વસાવાએ આપી હતી.

હાલમાં જ મુખ્યમંત્રીશ્રી વિજયભાઈ રૂપાણીએ છોટા ઉદેપુર ખાતે લાખો આદિવાસીઓની વચ્ચે આદિવાસી સમાજના વિકાસ માટે " PESA ACT " (એકસટેન્શન ટુ ધી શિડયુલ એરિયાઝ)ની જાહેરાત કરી હતી. આ પેસા

એકટના કારણે આદિવાસીઓને સવિશેષ અધિકારો પ્રાપ્ત થશે અને તેમનો ઝડપી વિકાસ થશે તેમ મંત્રીશ્રી ગણપતભાઈ વસાવાએ જણાવ્યું હતું.

પત્રકાર પરિષદમાં ઉપસ્થિત રહેલા પ્રદેશ પ્રવકતાશ્રી ભરતભાઈ પંડયાએ જણાવ્યું કે ૬–૭ મી જાન્યુઆરીના રોજ રાષ્ટ્રીય કારોબારી મળી હતી. ત્યારબાદ ૨૨મી જાન્યુઆરીના પ્રદેશ કારોબારી મળી હતી. ૩૧મી જાન્યુઆરી સુધી ૪૧ જિલ્લા/મહાનગરની કારોબારી પૂર્ણ થઈ છે. હવે બીજા તબકકામાં તાલુકા કારોબારી એટલે કે મંડલ કારોબારી યોજાશે. જેમાં ૨૪૮ ગ્રામીણ તાલુકા, ૧૬૨ નગરપાલિકા અને ૮ મહાનગરપાલિકાના ૧૭૩ વોર્ડ મળી કુલ ૫૮૩ જેટલા મંડલમાં ભાજપની કારોબારી મળશે. આ કારોબારીમાં કેન્દ્ર સરકારના બજેટને આવકાર આપતો અભિનંદન પ્રસ્તાવ પસાર કરવામાં આવશે. તેમજ કેન્દ્ર અને રાજય સરકારની કામગીરીને બિરદાવવામાં આવશે.

વધુમાં પ્રવકતાશ્રી ભરતભાઈ પંડયાએ જણાવ્યું કે, ૧૧મી ફેબ્રુઆરીને શ્રી પંડિત દીનદયાળજીની પુણ્યતિથી તરીકે મનાવવામાં આવશે. આથી આ દિવસે ગુજરાતના ૪૭,૦૦૦ બૂથોમાં ભાજપના ૫૦,૦૦૦ કરતા વધુ કાર્યકર્તાઓ બૂથમાં જઈને પંડિત દીનદયાળજીની જીવનયાત્રા અને વિચારયાત્રાની વાત કરશે. આ ઉપરાંત બૂથને મજબુત બનાવવા, પેઈજ પ્રમુખોની રચના કરવી, તમામ સમાજ–વર્ગના લોકોને મળવું, જુના કાર્યકર્તાઓ સાથે સંપર્ક કરવું અને ભાજપામાં લોકોને જોડવામાં આવશે.

યાત્રા સંદર્ભે પ્રવકતાશ્રી ભરતભાઈ પંડયાએ જણાવ્યું કે યાત્રાએ જનતા સાથે સીધી રીતે જોડાવવા માટેનું ઉત્તમ માધ્યમ છે. પાર્ટીના વિચારો, સરકારની કામગીરી સીધી જનતા સમક્ષ લઈ જવામાં યાત્રા ખુબ મદદરૂપ છે. અગાઉ પણ વિવિધ મુદાઓ પર ભાજપ ધ્વારા રાજય વ્યાપી અને દેશ વ્યાપી યાત્રા કાઢવામાં આવી હતી. પૂર્વ અધ્યક્ષશ્રી રૂપાલાજી અને આર.સી. ફળદુજીએ કિસાન હિત યાત્રા કાઢી હતી. અને હવે પ્રદેશ અધ્યક્ષશ્રી જીતુભાઈ વાઘાણી ઉનાઈથી આદિવાસી વિકાસ ગૌરવ યાત્રાનો પ્રારંભ કરશે.

શહેર અધ્યક્ષશ્રી નીતિનભાઈ ભજીયાવાલાએ સ્વાગત પ્રવચન કર્યુ હતું. પત્રકાર પરિષદમાં સાંસદ શ્રીમતી દર્શનાબેન જરદોશ, મેયરશ્રીમતી અસ્તિાબેન શિરોયા, ધારાસભ્યશ્રી નરોત્તમભાઈ પટેલ, ધારાસભ્ય શ્રીમતી ઝંખનાબેન પટેલ, શ્રીમતી સંગીતાબેન પાટીલ, ડે. મેયરશ્રી શંકરભાઈ ચેવલી, સ્થાયી સમિતિ ચેરમેનશ્રી રાજેશભાઈ દેસાઈ, શહેર મહામંત્રીશ્રીઓ મદનસિંહ અટોદરીયા અને ડો. જગદીશ પટેલ, ચેરમેન, ગુ.હા. બોર્ડ શ્રી વિવેકભાઈ પટેલ સહિતના હોદેદારો હાજર રહયા હતા.